## પૂરક અનુદાન માટેની માગણીના સંબંધમાં રીત
## (નિયમ-૨૩૪)

સચિવ : કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની પૂરક માગણી ક્રમાંક- ૭૯

માનનીય નાણા મંત્રીશ્રી,

નાણામંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂ.૧૨,૪૭,૬૨,૬૨,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક - ૭૯ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : પૂરક માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ પૂરક માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૧ થી ૩)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની પૂરક માગણી ક્રમાંક- ૧૦૨

માનનીય નાણા મંત્રીશ્રી,

નાણામંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂ.૯,૫૩,૬૯,૬૫,૦૦૦ ને મૂડી ખર્ચ માટે રૂ. ૨,૩૮,૩૪,૫૧,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક- ૧૦૨ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : પૂરક માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ પૂરક માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૪ થી ૮)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની પૂરક માગણી ક્રમાંક- ૫

માનનીય નાણા મંત્રીશ્રી,

નાણામંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂ.૧,૩૪,૪૭,૮૧,૦૦૦ ને મૂડી ખર્ચ માટે રૂ.૪,૦૦,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક - ૫ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : પૂરક માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ પૂરક માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૯ થી ૧૧)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પૂરક માગણી ક્રમાંક- ૩૯

માનનીય નાણા મંત્રીશ્રી,

નાણામંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂ.૩,૧૬,૦૫,૦૦,૦૦૦ ને મૂડી ખર્ચ માટે રૂ.૪,૧૪,૪૨,૩૨,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક - ૩૯ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : પૂરક માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ પૂરક માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૧૨ અને ૧૩)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની પૂરક માગણી ક્રમાંક- ૪૯

માનનીય નાણા મંત્રીશ્રી,

નાણામંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂા. ૯,૧૬,૫૬,૧૦,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક - ૪૯ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : પૂરક માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ પૂરક માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૧૪ અને ૧૫)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૪(૩) તરફ માનનીય સભ્યોશ્રીઓનું હું ધ્યાન દોરૂં છું. આ જોગવાઇ મુજબ પૂરક માગણીઓ પર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટને લગતી નીતિ પર ચર્ચા ન કરતાં જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઇએ. નવી સેવાઓ **(New Services)** બાબતે ધ્યાન દોરવાનું કે, તે અંગેની અનુસૂચિ e-Bookમાં e-કોપી સ્વરૂપે માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય. પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે પૂરતો મર્યાદિત રાખવો જોઇએ. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દા ખાસ ધ્યાનમાં રાખશે એવી હું આશા રાખું છું.

## <u>ત્યાર બાદ સભ્યશ્રીઓના વકતવ્યો</u>

બંને પક્ષના દંડક તરફથી મળેલ યાદી મુજબ

સભ્ય : કોંગ્રેસ ..........................................

સભ્ય : ભાજપ ..........................................

સભ્ય : કોંગ્રેસ ..........................................

સભ્ય : ભાજપ ..........................................

મંત્રી : છેલ્લે મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપશે.

## <u>પૂરક માગણીઓ પર મતદાન સંબંધમાં રીત</u>

અધ્યક્ષ : હવે હું પહેલા પૂરક માગણીઓ પરની રજૂ થયેલ કાપ દરખાસ્તો મત માટે મૂકીશ. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડી વાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "ના" કહેનારાની બહુમતી છે. (થોડીવાર રહીને) "ના" કહેનારાની બહુમતી છે. રજૂ થયેલ તમામ કાપ દરખાસ્તો નામંજૂર કરવામાં આવે છે.

અધ્યક્ષ : હવે હું પૂરક માગણીઓ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે, પૂરક માગણી ક્રમાંકઃ <u>૭૯,</u> <u>૧૦૨,</u> <u>૫,</u> <u>૩૯</u> અને <u>૪૯</u> મંજૂર રાખવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડી વાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે. (થોડી વાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે. (થોડી વાર રહીને) "હા" કહેનારા ની બહુમતી છે. પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવે છે.

**(બેઠક સમાપ્તિની જાહેરાત)**